ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

૬ | મંગળવાર ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ | છોટાઉદેપુર | ડભોઈ | સાવલી | કરજણ | બોડેલી | ક્વાંટ | નસવાડી

સંક્ષિપ્ત સમાચાર

મોટા ફોફળિયામાં રક્તદાન શિબિર યોજાઈ, ૩૨ રક્તદાતાઓએ રક્તદાન કર્યું



શિનોર : શિનોર તાલુકાના શ્રી છોટુભાઈ એ. પટેલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર, મોટા ફોફળિયા, તા. શિનોર, જી. વડોદરા ખાતે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના તા. ૧૭ સપ્ટેમ્બરના જન્મદિવસથી શરૂ થયેલા "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત તાલુકાના વહીવટી તંત્ર તેમજ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તાલુકા હેલ્થ ઓફિસર, શિનોરના સહયોગથી અને સયાજી હોસ્પિટલ, વડોદરાની બ્લડ બેંક મારફતે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિર કરજણ-શિનોર-પોર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અક્ષયભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી રક્તદાન શિબિરની શરૂઆત કરવામાં આવી હતી.

પાદરામાં સિનિયર સિટીઝન એસોસિયેશનની વાર્ષિક સભા યોજાઈ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન



પાદરા : પાદરા સિનિયર સિટીઝન એસોસિયેશન દ્વારા વાર્ષિક સાધારણ સભા, સભાસદોનો જન્મોત્સવ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો ત્રિવેણી સંગમરૂપ કાર્યક્રમ સંસ્થાના અધ્યક્ષ અને ચોક્સી મહાજન મંડળના પ્રમુખ સૂર્યકાંત બી. ચોક્સીના અધ્યક્ષસ્થાને ઉત્સાહભેર યોજાઈ ગયો હતો. આ પ્રસંગે પાદરા નગરના ૬૦૦ જેટલા સિનિયર સિટીઝન સભ્યોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઈશ્વર સ્તુતિ અને મહાનુભાવોના હસ્તે પ્રગટાવવામાં આવેલા દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ સ્વર્ગસ્થ સદગતોના આત્માની શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ વિજયભાઈ શાહે સ્વાગત પ્રવચન કરી પધારેલા તમામ અતિથિ વિશેષો અને સભાસદોનો પરિચય આપી વિધિવત આવકાર્યા હતા. સભા દરમિયાન એપ્રિલ, મે, જૂન અને જુલાઈ મહિનામાં જન્મદિન ધરાવતા સભાસદોનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

સોખડા પ્રાથમિક શાળા ખાતે 'આંગણ મિલન સેવા ઉત્સવ'ની ઉત્સાહભેર ઊજવણી



સોખડા : રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા પંચાયત, વડોદરાના સહયોગથી આજે સોખડા ગામ સ્થિત પ્રાથમિક શાળા (આંગણવાડી કેન્દ્ર નંબર ૨ અને ૭) ખાતે 'વિકસિત ભારત - જન સેવા અભિયાન' અંતર્ગત 'આંગણ મિલન સેવા ઉત્સવ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. છેવાડાના માનવી સુધી આરોગ્ય અને પોષણની સુવિધાઓ પહોંચાડવાના સરકારના અભિગમને સાર્થક કરતા આ કાર્યક્રમમાં વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ઉપરાંત જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના સદસ્ય, સોખડા ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ, તલાટી કમ મંત્રી, શાળાના આચાર્ય તથા તમામ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ધાનોરા ગામે સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમ યોજાયો



વડોદરા : રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી, પારદર્શી અને ઝડપી ઘોરણે મળી રહે તેવા હેતુસર વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ધનોરા ગામે "સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધાનોરા ઉપરાંત આસપાસના બામણગામ, માંગલેજ, કંડારી અને ગણપતપુરા ગામના ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોની સેવાઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં આધારકાર્ડમાં મોબાઇલ નંબર અપડેટ કરવાની ૧૫ અરજીઓ, રેશનકાર્ડને લગતી વિવિધ ૩૬ અરજીઓ, પી.એમ.જે.વાય-મા કાર્ડની ૭૮ તથા હેલ્થ વેલનેસ કાર્ડની ૧૯૩ અરજીઓ પર કામગીરી પૂર્ણ કરાઈ હતી.

ઢેબરપુરામાં વિશ્વ હડકવા દિવસ નિમિત્તે હડકવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



બોડેલી : વિશ્વ હડકવા દિવસ નિમિત્તે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મંગલભારતી, વડોદરા-છોટાઉદેપુર દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ સંખેડા તાલુકાના ઢેબરપુરા ગામે હડકવા રોગ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગ્રામજનોને હડકવા રોગના ફેલાવા, લક્ષણો, રસીકરણનું મહત્વ તેમજ રોગથી બચવા જરૂરી સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૂતરા કે અન્ય પશુ કરડે ત્યારે ઘાને તાત્કાલિક સાબુ અને વહેતા પાણીથી ધોવા, ઘરગથ્થુ ઉપચાર ન કરવા અને તાત્કાલિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી જરૂરી સારવાર તથા રસીકરણ કરાવવા સમજાવવામાં આવ્યું હતું.મંગલભારતી KVKના ડો. જતીન સંચાનિયા દ્વારા હડકવા અંગે પ્રવર્તતી ગેરમાન્યતાઓ દૂર કરી પશુઓનું સમયસર રસીકરણ કરાવવા અને પશુ કરડવાની ઘટના બને ત્યારે તાત્કાલિક તબીબી સારવાર લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ખેતીની જમીન-કબ્રસ્તાન અસરગ્રસ્ત થવાની ભીતિ

જેતપુરપાવીમાં બાયપાસના સર્વે સામે વિરોધ, કલેક્ટરને આવેદન, રૂટ બદલવાની માંગ

રૂટ બદલવામાં નહીં આવે તો ઉગ્ર વિરોધની ગ્રામજનોની ચીમકી



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.28

જેતપુરપાવી ખાતે નવા બાયપાસના નિર્માણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, પ્રસ્તાવિત બાયપાસના રૂટને લઈને સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. પાવી ગામના ગ્રામજનોએ સર્વે સામે વાંધો ઉઠાવી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી બાયપાસના રૂટ અંગે પુનઃવિચારણા કરવાની માંગ કરી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પ્રસ્તાવિત બાયપાસના રૂટમાં ખેડૂતોની ખેતીની જમીનો તેમજ કેટલાક વેપારીઓની મિલકતો અસરગ્રસ્ત થવાની શક્યતા છે. આ ઉપરાંત મુસ્લિમ સમાજના કબ્રસ્તાનની જમીન પણ પ્રસ્તાવિત રૂટમાં આવતી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે.

ગ્રામજનોનું કહેવું છે કે, બાયપાસના નિર્માણથી ખેડૂતો, સ્કૂલ, મંદિર,વેપારીઓ અને કબ્રસ્તાનની જમીનને અસર થઈ શકે છે. જેથી કોઈપણ અંતિમ નિર્ણય લેતા પહેલાં અસરગ્રસ્ત લોકોના હિતોને ધ્યાનમાં લેવામાં આવે અને પ્રસ્તાવિત રૂટ અંગે પુનઃવિચારણા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સ્થાનિકોએ હાલ ચાલી રહેલી સર્વે કામગીરી સામે વાંધો વ્યક્ત કરી બાયપાસનો રૂટ અન્ય વિકલ્પો સાથે ફરી વિચારણા હેઠળ લેવા રજૂઆત કરી છે. સાથે જ ગ્રામજનો દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર વિરોધ કરવાની ચીમકી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સાદડ ગામે ૧૦ ફૂટ લાંબો મહાકાય મગર ઘૂસતા ગ્રામજનોમાં ફફડાટ

વન વિભાગ અને જીવદયા પ્રેમીઓએ મગરનું સફળ રેસ્ક્યૂ કર્યું



(પ્રતિનિધિ) પાદરા, તા. 28

પાદરા તાલુકાના સાદડ ગામે એક મહાકાય મગર આવી ચડતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. ગામમાં મગર ઘૂસ્યો હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ તેને જોવા માટે ઉત્સુક ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

સ્થાનિકો દ્વારા તાત્કાલિક આ અંગે વન વિભાગ અને પ્રાણી જીવ રક્ષક સંસ્થાને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વન વિભાગની ટીમ અને જીવદયા કાર્યકરોનો તાફા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ભારે જહેમત અને મથામણ બાદ ટીમે આશરે 9 થી 10 ફૂટ લાંબા મહાકાય મગરને સહીસલામત રીતે પકડી પાડી તેનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું. મગર સફળતાપૂર્વક રેસ્ક્યૂ થઈ જતાં ભયભીત થયેલા ગ્રામજનોએ આખરે રાહતનો શ્વાસ લીધો હતો. રેસ્ક્યૂ કરાયેલા મગરને વન વિભાગના હવાલે કરવામાં આવ્યો છે. આ મહાકાય મગર ગામના રહેણાંક વિસ્તાર સુધી કેવી રીતે અને ક્યાંથી આવી ચડ્યો તે દિશામાં વન વિભાગે આગળની તપાસ હાથ ધરી છે.

મોટી દુર્ઘટના બને તે પહેલાં તાત્કાલિક સમારકામની ગ્રામજનોની માંગ

તેજગઢ રેલવે ગરનાળા પાસે રોડ બિસમાર, સળિયા બહાર આવ્યા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28

છોટાઉદેપુર તાલુકાના તેજગઢ પાસે આવેલા રેલવે ગરનાળાના આર.સી.સી. માર્ગ પરથી પસાર થવું હવે વાહનચાલકો માટે જોખમી બની ગયું છે. તેજગઢથી ઝોઝ, અછાલા અને ભીલપુર તરફ જતા મુખ્ય રેલવે ગરનાળાના રસ્તા પર લોખંડના મસ્ત મોટા સળિયા બહાર નીકળી આવ્યા છે, જેને કારણે કોઈ મોટી અકસ્માતની ઘટના સર્જાય તેવો ભય સેવાઈ રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પરથી દરરોજ ૪ થી ૫ ગામોના હજારો નાગરિકો અને વાહનચાલકો અવરજવર કરે છે. ગરનાળા પાસે રોડ પર બે થી દોઢ ફૂટ જેટલા મોટા અને ઊંડા ખાડા પડી ગયા છે. આ ખાડાઓ અને બહાર નીકળેલા સળિયાઓને કારણે દ્વિચક્રી તેમજ ચારચક્રી વાહનોના ટાયર ફાટી જવા અથવા વાહનચાલકનું સંતુલન બગડવાથી અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા છે.

અંધારાના સમયે કે ચોમાસાની ઋતુમાં આ રસ્તા પરથી પસાર થવું ખાસ કરીને બાઇકચાલકો માટે જીવના જોખમ સમાન બની ગયું છે. સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે? ૪ થી ૫ ગામોને જોડતા આ મહત્વપૂર્ણ માર્ગની દુર્દશા અંગે સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ વહીવટી તંત્ર તેમજ સંબંધિત વિભાગ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે.

સાવલીના પોઇયામાં ક્રેનથી ૨૦ ફૂટ ઊંચે પ્લેટો ચઢાવતી વખતે અકસ્માત

એવિડ કંપનીમાં પ્લાયવુડની પ્લેટ પડતાં મજૂરનું મોત

સેફ્ટી નિયમોની અણદેખી સામે તપાસની માંગ

(પ્રતિનિધિ) સાવલી, તા.28

સાવલી તાલુકાના પોઈચા (રા) ગામની હદમાં આવેલી એવિડ કંપનીમાં સેન્ટરિંગનું કામ કરતી વખતે ક્રેનમાંથી પ્લાયવુડની પ્લેટ છૂટી મજૂર પર પડતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મજૂરનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. બનાવને પગલે સમગ્ર પંથકમાં કામદારોમાં રોષ ફેલાયો છે. સાથે જ ઔદ્યોગિક એકમોમાં સલામતી અને સુરક્ષાના નિયમોના પાલન સામે સવાલો ઉઠ્યા છે.

આ અંગે ભાદરવા પોલીસ મથકે નંદુ મંગરૂ રજવાર (રાજવંશી), હાલ પોઈચા (રા), મૂળ ઝારખંડના રહેવાસીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તા. 26 સપ્ટેમ્બરના રોજ એવિડ કંપનીમાં મજૂરો સેન્ટરિંગનું કામ કરી રહ્યા હતા. દરમિયાન આશરે 20 ફૂટ ઊંચાઈએ ક્રેનની મદદથી પ્લાયવુડની પ્લેટો ચઢાવવામાં આવી રહી હતી. ત્યારે અચાનક ક્રેન સાથે બાંધેલી પ્લાયવુડની પ્લેટ છૂટી ગઈ હતી અને એક પ્લેટ નીચે કામ કરી રહેલા મજૂર ચંદન મંગળ રજવાર પર સીધી પડતાં તેના માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્મતમાં ઈજાગ્રસ્ત ચંદનને તાત્કાલિક વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું. ભાદરવા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મજૂરના મોતના સમાચાર પ્રસરી જતાં પરપ્રાંતિય કામદારોમાં રોષ જોવા મળ્યો હતો. મૃતકના સગાંઓના જણાવ્યા મુજબ ક્રેનથી મટીરીયલ ચઢાવતી વખતે સલામતીના નિયમોનું યોગ્ય પાલન તથા હેલ્મેટ સહિતનાં સુરક્ષા સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો દુર્ઘટના ટાળી શકાય તેવી ચર્ચા છે. પોલીસે સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા એકત્ર કરી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે.

છોટાઉદેપુર NH-56 માર્ગ પર જોખમી ઝાડી-ઝાંખરાં

તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જુએ છે કે શું?

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 28

છોટાઉદેપુરથી પાવીજેતપુર અને બોડેલી તરફ જતા નેશનલ હાઈવે 56 પર માર્ગની બંને બાજુએ અનિયંત્રિત રીતે ઉગી નીકળેલા વૃક્ષો અને ઘેરાયેલા ઝાડી-ઝાંખરાં વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. રસ્તાની છેક ધાર સુધી આવી ગયેલી ઝાડીઓને કારણે વળાંકો પર સામેથી આવતા વાહનો દેખાતા નથી, જેના કારણે રોજેરોજ ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

હજારો વાહનોની અવરજવર ધરાવતા આ મુખ્ય હાઈવે પર માર્ગ અને મકાન વિભાગ (R|B) તથા હાઈવે ઓથોરિટીની ઘોર બેદરકારી અને આંખ આડા કાન કરવાની નીતિ સ્પષ્ટપણે છતી થાય છે. રસ્તાનો શોલ્ડર ભાગ સાવ ઢંકાઈ જતાં સામેથી આવતા ભારે વાહનને સાઈડ આપવા જતાં વાહન પલટી જવાનો કે અથડાવાનો ભય સતત રહે છે.

શું તંત્ર કોઈ માસૂમ વ્યક્તિનો જીવ જાય કે કોઈ મોટો ગોઝારો અકસ્માત બને તેની રાહ જોઈને બેઠું છે? માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોઈપણ જાતના વિલંબ વિના, યુદ્ધના ધોરણે આ જોખમી ઝાડી-ઝાંખરાં અને ડાળીઓનું તાત્કાલિક કટિંગ કરવામાં આવે. જો સમયસર આ જોખમ દૂર કરવામાં નહીં આવે અને કોઈ અકસ્માત સર્જાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે.

ડભોઈ પાલિકા પરિસરમાં જ ગાડી ધોવાતાં સવાલો

સીસીટીવી કેમેરા હોવા છતાં ગાડી ધોવાતાં ચીફ ઓફિસર અજાણ હોવા અંગે સવાલ



(પ્રતિનિધિ) ડભોઇ, તા. 28

નગરના વિકાસ અને વહીવટી કામગીરી માટે લાખો રૂપિયાના ખર્ચે આધુનિક નવીન બિલ્ડિંગ બનાવનાર ડભોઇ નગરપાલિકાના કમ્પાઉન્ડમાં જ પાર્કિંગ વિસ્તારમાં ગાડી ધોવાતી હોવાનો વીડિયો/દૃશ્ય સામે આવતા પાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. નગરજનોને પાણી બચાવવાનો સંદેશ આપતી પાલિકાના પરિસરમાં ગાડી ધોવા માટે પાણીનો ઉપયોગ થતો હોવાના આક્ષેપો ચર્ચાનો વિષય બન્યા છે.

પાલિકા કમ્પાઉન્ડમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવા છતાં આ પ્રકારની કામગીરી થઈ રહી હોય તો સમગ્ર મામલે જવાબદાર કોણ છે અને ચીફ ઓફિસર આ બાબતથી અજાણ કેવી રીતે રહ્યા, તેવા સવાલો ઉઠી રહ્યા છે.

પાર્કિંગમાં ધોવાતી ગાડી કોની છે અને કોની મંજૂરીથી ધોવામાં આવી રહી હતી તે અંગે પણ તપાસ જરૂરી બની છે. જો પાલિકાના કર્મચારી દ્વારા ગાડી ધોવામાં આવી હોય તો તેને સત્તાવાર મંજૂરી અપાઈ હતી કે કેમ તે પણ તપાસનો વિષય છે. સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવે તો સમગ્ર હકીકત સામે આવી શકે છે.

જબુગામ પંથકમાં ડેન્ગ્યુ-ટાઈફોડના કેસથી ચિંતા

છેલ્લા એક મહિનામાં ડેન્ગ્યુના કેસ વધ્યાની ચર્ચા, વાયરલ દર્દીઓમાં પણ વધારો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 28

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ સહિત આસપાસના ગામોમાં છેલ્લા બે મહિનાથી વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં જબુગામમાં ડેન્ગ્યુ અને ટાઈફોડના પોઝિટિવ કેસ નોંધાતા સ્થાનિકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. દર્દીઓમાં ખાંસી, માથું દુખવું સહિતના લક્ષણો વધુ પ્રમાણમાં જોવા મળતા હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે.

જબુગામના પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય ભાર્ગવભાઈ ચૌહાણની 10 વર્ષીય ભત્રીજી જીયા નીલમ ચૌહાણનો ડેન્ગ્યુ રિપોર્ટ પોઝિટિવ આવતા પણ પંથકમાં ચિંતા વધી છે.

સમગ્ર મામલે જબુગામ સીએચસી ખાતે ડેન્ગ્યુ તથા વિડાલ ટેસ્ટ માટેની કીટ ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે. લોકોને લક્ષણો જણાય તો લોહીની તપાસ કરાવી યોગ્ય સારવાર લેવા સલાહ આપવામાં આવી રહી છે.

દરમિયાન જબુગામ અને આસપાસના ગામોમાં મચ્છરોનો ઉપદ્રવ ઘટાડવા સફાઈ સહિતના પગલાં ભરવાની જરૂરિયાત ઊભી થઈ છે. ઘરો અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા તથા પાણીનો ભરાવો દૂર કરવા અપીલ કરવામાં આવી છે.

ચૂંટણી પંચ સામે છોટાઉદેપુરમાં કોંગ્રેસનો વિરોધ

છોટાઉદેપુરમાં કોંગ્રેસની રેલી, CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28

ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદી સંબંધિત મુદ્દાઓને લઈને કોંગ્રેસ દ્વારા સોમવારે છોટાઉદેપુર શહેરમાં વિરોધ પ્રદર્શન અને વિશાળ રેલી યોજવામાં આવી હતી. કોંગ્રેસના સ્થાનિક આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા. કાર્યકરોએ હાથમાં કોંગ્રેસના ધ્વજ, બેનરો અને પ્લેકાર્ડ સાથે ચૂંટણી પંચની કામગીરી સામે વિરોધ નોંધાવ્યો હતો.

કોંગ્રેસના આગેવાનોએ ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદી અંગે પ્રશ્નો ઉઠાવી કામગીરીમાં પારદર્શિતા અને વિશ્વસનીયતા જળવાઈ રહે તેવી માંગ કરી હતી. લોકશાહી પ્રક્રિયાની સુરક્ષા તેમજ મતદારોના અધિકારોના મુદ્દે સ્પષ્ટતા જરૂરી હોવાનું આગેવાનોએ જણાવ્યું હતું. રેલી દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના કાર્યકરો શહેરના મુખ્ય માર્ગો પરથી રેલી સ્વરૂપે સેવાસદન તરફ આગળ વધ્યા હતા. જોકે, સેવાસદનના મુખ્ય ગેટ પાસે પોલીસે રેલીને અટકાવી હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થળ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસે કાર્યકરોને આગળ વધતા અટકાવતાં થોડા સમય માટે વિરોધ અને સૂત્રોચ્ચારનો માહોલ સર્જાયો હતો.

વાઘોડિયાની દેવસિચાઈ કેનાલથી ૨૫ વર્ષ બાદ ખેડૂતોને સિંચાઈનો લાભ

વાઘોડાના ૨૬ ગામો અને કુલ ૪૦૦૦ હેક્ટરમાં સિંચાઈનો લાભ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 28

ગુજરાત સરકાર દ્વારા વાઘોડિયા અને હાલોલ વિસ્તારમાં 30 કરોડના ખર્ચે 35 કિમી લાંબી કેનાલનું નવીની કરન પૂર્ણ થતાં આજ થી નવા નીરની પધરામણી થતા ખેડૂતોએ નીર ને વધાવ્યા હતા.1984માં બનેલી આ કેનાલ જર્જરીત અને અનેક ઠેકાનેથી તૂટી જતા વર્ષ 2001 માં બંધ કરાઈ હતી.

કેનાલ ને ફરીથી ચાલુ કરવા માટે અનેકવાર ખેડૂત સંગઠનોએ આંદોલન પણ કર્યા હતા. અંગે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા ગુજરાત રાજ્ય સરકારમાં રજૂઆત કરતા 30 કરોડના ખર્ચે કેનાલનું નવીનીકરણ મંજૂર કરાયું હતું. વર્ષ 2024 થી 26 દરમ્યાન બે વર્ષના સમયગાળા દરમિયાન આ કેનાલ નું સમારકામ પૂર્ણ કરાયું હતું.

આ કેનાલના સમાર કામથી હાલોલ અને વાઘોડિયા ના આશરે 4000 હેક્ટર જમીનમાં ખેડૂતો સિંચાઈ માટે પાણીનો ઉપયોગ કરી શકશે. ચાલુ વર્ષે વરસાદ ખેચાતા ડાંગરના પાક સુકાવાના આરે હોય ખેડૂતોના કૃષિ પાકને દેવ સિંચાઈ કેનાલ શરૂ થતા નવું જીવત દાન મળશે. વાઘોડિયા તાલુકાના 26 ગામો અને 19 ગામો હાલોલના ખેતસિંચાઈનો લાભ મળશે. દેવડેમ કેનાલમાં 26 વર્ષ બાદ ફરીથી પાણી શરૂ થતા ખેડૂતોએ નવા નીરના વધામણા કર્યા હતા.

ખેલ મહાકુંભમાં સુરેશ ભીલનો તાલુકા કક્ષાએ ડંકો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 28

ગુજરાત સરકારના 'ખેલ મહાકુંભ-2026' અંતર્ગત સંખેડા તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધામાં પરવટા મહા નં.વ. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. શાળાના વિદ્યાર્થી ભીલ સુરેશ સુકલિયાભાઈએ અંડર-14 વયજૂથની લાંબી કૂદ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી શાળા તથા ગામનું નામ રોશન કર્યું છે. સુરેશની આ સિદ્ધિ બદલ તેની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. આગામી સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શાળાના આચાર્ય જસુબેન બારૈયા તેમજ માર્ગદર્શક શિક્ષકો નિરવભાઈ મહેતા, સતિષભાઈ ગોહેલ અને યોગિતાબેન કંટારીયાએ સુરેશને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી.